**કલમ – ૪ (૧) (ખ) (૧)**

## <u>પોતાના વ્યવસ્થાતંત્ર,કાર્યો અને ફરજોની વિગતો :–</u>

(૧.૧) જાહેર તંત્રના ઉદ્દેશ / હેતુ :–

- પ્રાણીસંગ્રહાલયમાં વન્યપ્રાણીઓનું સંરક્ષણ કરી વન્યપ્રાણી સંરક્ષણના રાષ્ટ્રીય હેતુમાં મદદગાર થવું.
- પ્રાણીસંગ્રહાલયમાં આવતા મુલાકાતીઓને વન્યપ્રાણી બાબતે વધુ ને વધુ જાણકારી થી અવગત કરાવવા તથા વન્યપ્રાણી સંરક્ષણ હેતુ તેઓને પ્રોત્સાહિત કરવા.
- પ્રાણીસંગ્રહાલયમાં આવતા મુલાકાતીઓને વન્યપ્રાણી બાબતે વૈજ્ઞાનિક અભ્યાસ માટે તક પુરી પાડી વન્યપ્રાણીઓનું વૈજ્ઞાનિક ઢબે મેનેજમેન્ટ કરવું.
- નાશ થવાના આરે આવી પહોંચેલ વન્યપ્રાણીઓનું વૈજ્ઞાનિક ઢબે સુવ્યવસ્થિત બ્રીડીંગ કરાવું.
- ઝુ ખાતે રેસ્કયુ થઈ આના વન્યપ્રાણીઓની સારવાર તથા જરૂરી નિભાવની વ્યવસ્થા કરવી.

(૧.૨) જાહેર તંત્રના કાર્યો અને વિઝન :–


- સુરત ઝુમાં પ્રાણી–પક્ષીઓની સંખ્યા વધારી ઝુનો વિકાસ કરવો.
- નાશ થવાના આરે આવી પહોંચેલ વન્યપ્રાણીઓનું વૈજ્ઞાનિક ઢબે સુવ્યવસ્થિત બ્રીડીંગ કરવું તથા વધારાના પ્રાણીઓનું સક્ષમ સત્તાધીશની મંજૂરી મેળવી દેશના અન્ય ઝુ સાથે અરસ પરસ બદલી કરવી.
- વન્યપ્રાણી અંગે સંશોધનની તકો ઉભી કરવી.

(૧.૩) જાહેર તંત્ર ધ્વારા આપવામાં આવતી સેવાઓની યાદી અને તેનું સંક્ષિપ્ત વિવરણ :–

- પ્રાણીસંગ્રહાલયના પ્રાણીઓ મુલાકાતી ઓ માટે નીતી નિયમાનુસાર પ્રદર્શિત કરવા.
- વન્યપ્રાણીઓ બાબતે અંગત રસ ધરાવતા મુલાકાતીઓ,ગ્રુપમા આવતાં વિધાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપવું.
- જળસૃષ્ટી બાબતે અંગત રસ ધરાવતા મુલાકાતીઓ,ગ્રુપમા આવતાં વિધાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપવું.

➢ (૧.૪) જાહેર તંત્રના રાજય,નિયામક કચેરી,પ્રદેશ જિલ્લા,બ્લોક વગેરે સ્તરોએ સંસ્થાગત માળખાનો આલેખ :–

## સુરત મહાનગર પાલિકા
## ડો.શ્યામાપ્રસાદ મુખરજી ઝુલોજીકલ ગાર્ડન વિભાગ
## સરથાણા નેચરપાર્ક એન્ડ ઝુ



(૧.૫) જાહેર તંત્રની અસરકારકતા  અને કાર્યક્ષમતા વધારવા માટે લોકો પાસેથી અપેક્ષાઓ :–

- **<u>શુ કરવું.</u>**

➢ જરૂરી પાસ સાથે જ ઉધાનમાં પ્રવેશ કરવો. આ પાસ ટીકિટ બારી પરથી ઠરાવેલ ફી ચુકવ્યાથી આપવામાં આવશે.

- ઉધાનના કોઈપણ અધિકારી તપાસવા માંગે ત્યારે આ પાસ બતાવવો.
- ઉધાનના વિસ્તારમાં સંપુર્ણ શાંતિ તથા મૌન જાળવવા.
- આપના આંખ, કાન ખુલ્લા રાખશો પણ મોં નહી.
- ઉધાનના વિસ્તારને ચોખ્ખો રાખવામાં સહકાર આપશો.
- કોઈપણ કટોકટીમાં ઉધાનના અધિકારીઓને માહિતી આપશો અને અકસ્માત વખતે સહકાર આપશો.
- પ્રાણીઓની કુદરતી વર્તણુકને શાંતિથી જોશો.

- **<u>શું ન કરવું.</u>**

➢ ફુલ, ઝાડ, રોપાને તોડશો કાપશો કે નુકશાન કરશો નહિ.

- પ્રાણીઓને છેડશો કે ઉશ્કેરશો નહિ.
- પ્રાણીઓને ખવડાવશો નહી.
- મુલાકાતીઓ માટે કરેલ આડશથી આગળ જવું નહિ.
- નકામાં કાગળો કે કચરાથી ઉધાનને ગંદો કરવો નહી.
- ઉધાનના વિસ્તારમાં રેડીયો, ટેપ રેકોર્ડર વગેરેના ઉપયોગ કરવો નહી.
- ઉધાનમાં કોઈપણ જાતના શસ્ત્રો જેવા કે બંદુક, તીર કામઠું, ફટાકડા, ગોફણ, જાળ, ઝેર, પાંજરા અથવા એવા કોઈપણ પદાર્થ જેનાથી પ્રાણીઓ બેભાન થઈ શકે, મરી શકે કે નુકશાન પામે તે સાથે પ્રવેશ કરવો નહી.
- પતંગીયાને પકડવા કે ખલેલ પાડવી નહિ.
- માહિતી આપતા પાટિયાઓને નુકશાન કરવું નહિ.
- બહારથી ખાવા માટેની વસ્તુઓ લાવવી નહિ.
- ઉપવનમાં કચરો નાંખવો નહિ.
- પાલતુ પ્રાણી સાથે લઈ ઉધાનમાં પ્રવેશ કરવો નહિ.

(૧.૬) લોક સહયોગ મેળવવા માટેની ગોઠવણ અને પધ્ધતિ :–

લોકોને વન્યપ્રાણી બાબતે વધુને વધુ વિવિધ માહિતીથી અવગત કરાવી વન્યપ્રાણી અને પર્યાવરણ બાબતે જાગૃતિ લાવવી. વન્યપ્રાણીનાં સંરક્ષણ અને કુદરતી પર્યાવરણ સંતુલન જાળવવા માટે સહયોગ મેળવવો.

**<u>પધ્ધતિ</u>**

- વન્યપ્રાણીનાં વિવિધ કાર્યક્રમો કરવા / ઉજવવા.
- વન્યપ્રાણી બાબતે જાણકારી મળે તે માટે માહિતીદર્શક લખાણ પ્રદર્શિત કરવા.
- પ્રાણીસંગ્રહાલયની માહિતીનાં ચોપાનીયા બનાવી મુલાકાતીઓને આપવા.
- વન્યપ્રાણીની વિવિધ બાબતે હરીફાઈઓ ઉજવવી. વકૃત્વ સ્પર્ધા યોજવી. ફિલ્મશો કરવા.
- વન્યપ્રાણીને શકય તેટલા કુદરતી વાતાવરણમાં પ્રદર્શીત કરવા.

(૧.૭) સેવા આપવાના દેખરેખ, નિયંત્રણ અને જાહેર ફરીયાદ નિવારણ માટે ઉપલબધ તંત્ર.
પ્રાણી સંગ્રાહલય શાખાના સેવા આપવાના દેખરેખ નિયંત્રણ અને જાહેર ફરીયાદ નિવારણ માટે ઉપલબ્ધ તંત્રની વિગત પારા–(૧.૪) માં દર્શાવ્યા મુજબ છે.

(૧.૮) મુખ્ય કચેરી અને જુદા જુદા સ્તરોએ આવેલી અન્ય કચેરીનાં સરનામાં.

**ઝુ સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી,**
ડો. શ્યામા પ્રસાદ મુખરજીઝુલોજીકલ ગાર્ડન, સરથાણા નેચરપાર્ક એન્ડ ઝુ
જુના સરથાણા જકાતનાકા સામે, સુરત–કામરેજ રોડ,
સુરત. ૩૯૫૦૦૬
ફોન નંબર. (૧) ૬૩૫૯૯ ૦૫૦૩૨, (૨) ૬૩૫૯૯ ૦૫૦૩૩
ફેકસ નં. ૦૨૬૧૨૪૫૧૯૩૫–૨૪૨૨૧૧૦

**ડેપ્યુટી કમિશ્નરશ્રી(ડી),**
સુરત મહાનગરપાલિકા
મહાનગર સેવા સદન, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ,
મુગલીસરા, સુરત ૩૯૫૦૦૩
ફોન નંબર.૦૨૬૧–૨૪૨૩૭૪૯
PABX ૨૨૨

**મુખ્ય કચેરી :–**
કમિશ્નરશ્રી,
સુરત મહાનગરપાલિકા
મહાનગર સેવા સદન, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ,
મુગલીસરા, સુરત ૩૯૫૦૦૩
ફોન નંબર.૦૨૬૧–૨૪૨૩૭૫૧ થી ૨૪૨૩૭૫૬
પી.એ.બી.એકસ. ૦૨૬૧–૨૪૨૨૨૮૫ થી ૨૪૨૨૨૮૭
વેબ સાઈટ : www.suratmunicipal.gov.in
www.suratmunicipal.org
ઈ મેઈલ : commissioner@suratmunicipal.org

**(૧.૯) કચેરી શરૂ અને બંધ થવાનો સમય :–**

**મુલાકાતીઓ માટે પ્રાણીસંગ્રહાલય શાખાની કામગીરીનો સમય નીચે મુજબ છે.**

- સવારે ૧૦.૦૦ કલાકથી સાંજે ૫.૦૦ કલાક સુધી.
- ઉનાળુ વેકેશન દરમ્યાન સવારે ૧૦.૦૦ કલાકથી સાંજે ૦૬.૦૦ કલાક અને દીવાળી વેકેશન દરમ્યાન સવારે ૧૦.૦૦ કલાક થી સાંજે ૦૫.૩૦ કલાક સુધી.
- પ્રાણીસંગ્રહાલય સમગ્ર વર્ષ દરમ્યાન દર સોમવારના દિવસે તથા ધુળેટી, મોહરમ અને આનંદ ચૌદશ (ગણપતિ વિર્સજન)ના દિવસે મુલાકાતીઓ માટે બંધ રહે છે.

**(૧.૧૦) મુખ્ય વહીવટી કચેરી શરૂ અને બંધ થવાનો સમય :–**

- સવારે ૧૦.૩૦ કલાકથી બપોરે ૧૪.૩૦ કલાક.
- બપોરે ૧૫.૦૦ કલાકથી સાંજે ૧૮.૧૦ કલાક.

(૧.૧૧)<u>પ્રાણી સંગ્રાહલયમાં મુલાકાતીઓ માટે પ્રવેશ ફી તથા અન્ય ચાર્જ નીચે મુજબ નકકી કરવામાં આવ્યા છે.</u>

**<u>નેચરપાર્ક પ્રાણી સંગ્રહાલયના પ્રવેશની વિગતો :–</u>**

(૧) દર સોમવારે પ્રાણી સંગ્રહાલય બંધ રહે છે.
(૨) પ્રવેશનો સમય સવારે ૧૦–૦૦ થી સાંજે ૫–૦૦ વાગ્યા સુધી પરંતુ ઉનાળા વેકેશનમાં પ્રવેશનો સમય સવારે ૧૦–૦૦ થી ૦૬–૦૦ વાગ્યા સુધી અને દિવાળી વેકેશનમાં પ્રવેશનો સમય સવારે ૧૦–૦૦ થી ૦૫–૩૦ વાગ્યા સુધી.
(૩) ધૂળેટી,મહોરમ,ગણેશ વિસર્જનના દિવસે પ્રાણી સંગ્રહાલય બંધ રહે છે.
(૪) કોઈપણ ખાનગી વાહન પ્રાણી સંગ્રહાલમાં અંદર લાવવાની મનાઈ છે.
(૫) પ્રાણી સંગ્રહાલય ખાતે પહોંચવા દરરોજ શહેરી બસ સુવિધા ચોકબજાર બસ સ્ટેન્ડ તથા રેલ્વે સ્ટેશન બસ સ્ટેન્ડથી મળી શકશે.

**<u>પ્રવેશ દરની માહિતી :–</u>**

**(૧) ઝુ રાઉન્ડ / ઝુ ની મુલાકાત :–તા.૧/૦૪/૧૮ થી સુધારેલ પ્રવેશ ફી ના દર**

| અ.નં. | વિગત | પ્રવેશ ફી રૂા. |
|---|---|---|
| (૧) | ૧૨ વર્ષથી વધુ વયની વ્યકિત | ૩૦/– |
| (૨) | બાળકો ૩ થી ૧૨ વર્ષ સુધી અને ૬૫ વય કે તેથી વધારે વયની વ્યકિત. | ૨૦/– |
| (૩) | ૩ વર્ષથી નીચેની વયના બાળકો | વિના મૂલ્યે |
| (૪) | પ્રાણી સંગ્રહાલયની મુલાકાતે આવેલ શૈક્ષણિક સંસ્થા (પ્રાથમિક શાળા કે માધ્યમિક શાળા) ના વિદ્યાર્થીઓ માટે | ૧૦/ |
| (૫) | ડબલ્યુ ડબલ્યુ એફ કે પ્રાકૃતિક મંડળ જેવી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી સંસ્થા કે શાળાઓ માટે, કોલેજમાં વન્ય જીવન અથવા જંગલો ઉપર સંશોધન કરતાં વિદ્યાર્થીઓ માટે. | ૦૫/– |
| (૬) | સુરત મહાનગર સંચાલિત તમામ પ્રાથમિક/માધ્યમિક શાળા, મહિલા સંરક્ષણ કેન્દ્રો, અનાથ આશ્રમ,અપંગ અને માનસિક રીતે પછાત માટેની સંસ્થાઓ,કાચી ઉમરના ગુન્હેગારોની સંસ્થાઓ વિગેરેની વ્યકિતઓ માટે. | વિના મૂલ્યે |
| (૭) | પરદેશીઓ (માર્ગદર્શક નકશા સાથે ) | ૧૦૦/– |
| (૮) | પરદેશીઓના બાળકો (૩ થી ૧૨ વર્ષની વયના,માર્ગદર્શક નકશા સાથે) | ૫૦/– |

**(૨) બટરફલાય પાર્ક તેમજ વાઈલ્ડ લાઈફ ઈન્ટરપ્રિટેશન સેન્ટરની મુલાકાતઃ–**

| અ.નં. | વિગત | પ્રવેશ ફી રૂા. |
|---|---|---|
| (૧) | ૧૨ વર્ષથી વધુ વયની વ્યકિત | ૨૦/– |
| (૨) | બાળકો ૫ થી ૧૨ વર્ષ સુધી અને ૬૫ વય કે તેથી વધારે વયની વ્યકિત. | ૧૦/– |
| (૩) | ૩ વર્ષથી નીચેની વયના બાળકો | વિના મૂલ્યે |
| (૪) | પ્રાણી સંગ્રહાલયની મુલાકાતે આવેલ શૈક્ષણિક સંસ્થા (પ્રાથમિક શાળા કે માધ્યમિક શાળા) ના વિદ્યાર્થીઓ માટે | ૧૦/ |
| (૫) | ડબલ્યુ ડબલ્યુ એફ કે પ્રાકૃતિક મંડળ જેવી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી સંસ્થા કે શાળાઓ માટે, કોલેજમાં વન્ય જીવન અથવા જંગલો ઉપર સંશોધન કરતાં વિદ્યાર્થીઓ માટે. | ૧૦/– |
| (૬) | સુરત મહાનગર સંચાલિત તમામ પ્રાથમિક શાળા,મહિલા સંરક્ષણ કેન્દ્રો, અનાથ આશ્રમ,અપંગ અને માનસિક રીતે પછાત માટેની સંસ્થાઓ,કાચી ઉંમરના ગુન્હેગારોની સંસ્થાઓ વિગેરેની વ્યકિતઓ માટે. | વિના મૂલ્યે |
| (૭) | પરદેશીઓ (માર્ગદર્શક નકશા સાથે ) | ૫૦/– |
| (૮) | પરદેશીઓના બાળકો (૫ થી ૧૨ વર્ષની વયના,માર્ગદર્શક નકશા સાથે) | ૩૦/– |

**ફોટોગ્રાફી માટેના દર :–**

| અ.નં. | વિગત | દર રૂા. |
|---|---|---|
| (૧) | સાદા કેમેરા ( ૧ દિવસના) | ૫૦/– |
| (૨) | ઘરગથ્થુ વિડીયો કેમેરા માટે (૧ દિવસના) | ૧૫૦/– |
| (૩) | વ્યવસાય કેમેરા/વિડીયો (૧ દિવસના) | ૫૦૦૦/– |
| (૪) | વિશ્વ પર્યાવરણ દિન તથા વન્ય જીવ પ્રાણી સપ્તાહ દરમ્યાન ૩ વર્ષ થી ૧૨ વર્ષ ના બાળકો | ફ્રી |

**પ્રાકૃતિક ઉદ્યાનમાં વન્ય જીવન અને પ્રાકૃતિક દશ્યોને ઝડપવા સક્ષમ અધિકારીની પહેલેથી મેળવેલ અનુમતિ જરૂરી છે.**

## (૧.૧૧) જાહેર તંત્રની ફરજો :–

- **આ કચેરી બી.પી.એમ.સી. એકટ–૧૯૪૯ હેઠળ કાર્યરત હોય પેરા ૧.૨ માં જણાવ્યા ઉપરાંત બી.પી.એમ.સી.એકટ–૧૯૪૯નં ની કલમ – ૬૩ ની હેઠળ કરેલ જોગવાઈ અનુસાર "ફરજિયાત ફરજો" બજાવે છે.તથા કલમ– ૬૬ ની હેઠળ કરેલ જોગવાઈ પૈકી ની કેટલીક "મરજિયાત ફરજો" પણ બજાવે છે .**

(૧.૧૨) પ્રાણીસંગ્રહાલયમાં છેલ્લા પાંચ વર્ષમાં થયેલ આવક ની માહિતીઃ–

| વર્ષ | કુલ મુલાકાતીની સંખ્યા | કુલ આવક |
|---|---|---|
| ૨૦૧૯–૨૦ | ૭,૩૨,૯૪૩ | ૨,૩૩,૭૨,૨૫૦ |
| ૨૦૨૦–૨૧ | ૧,૨૫,૯૧૩ | ૩૬,૭૫,૦૬૦ |
| ૨૦૨૧–૨૨ | ૧,૮૯,૨૭૨ | ૫૫,૬૦,૩૮૦ |
| ૨૦૨૨–૨૩ | ૯,૪૪,૭૦૯ | ૨,૫૬,૭૩,૯૧૦ |
| ૨૦૨૩–૨૪ | ૯,૦૨,૫૪૫ | ૨,૪૫,૯૦,૪૫૦<br>(ઓન લાઈન+ઓફ લાઈન) |

(૧.૧૨) પ્રાણીસંગ્રહાલયમાં છેલ્લા પાંચ વર્ષમાં આવેલ મુલાકાતીઓ ની વિગતવાર માહિતીઃ–

| વર્ષ | નેચરપાર્ક ઝુ | ના મુલાકાતી | ટ્રસ્ટ | બટરફલાયપાર્કનામુલાકાતી | | મહાનગરપાલિકા સંચાલિત પ્રાથમિક અને માધ્યમિક શાળાના બાળકોની ફ્રી એન્ટ્રી |
|---|---|---|---|---|---|---|
| | ૧૨ વર્ષથી નાના | ૧૨ વર્ષથી મોટા | | નાના | મોટા | |
| ૨૦૧૯–૨૦ | ૧,૧૦,૬૭૪ | ૫,૮૧,૪૩૦ | ૧૯,૨૨૬ | ૨,૬૩૦ | ૧૮,૯૮૩ | –– |
| ૨૦૨૦–૨૧ | ૨૦,૫૭૩ | ૧,૦૫,૩૪૦ | ૦ | ૯૫૨ | ૪,૧૭૨ | –– |
| ૨૦૨૧–૨૨ | ૧,૫૩,૪૨૨ | ૩૫,૨૦૪ | ૬૪૬ | ૧૦૫૦૭ | ૩૧૫૭ | ૮૭૫૩ |
| ૨૦૨૨–૨૩ | ૧,૫૫,૬૪૧ | ૭,૨૩,૫૬૯ | ૨૮,૨૦૦ | ૩૮૧૫ | ૨૨,૫૭૧ | ૧૨૮૭૭ |
| ૨૦૨૩–૨૪ | ૧,૪૧,૫૬૭ | ૬,૯૩,૩૪૯ | ૩૦,૦૧૭ | ૩૧૮૧ | ૨૨,૮૩૩ | ૧૧૫૯૮ |

- વર્ષઃ–૨૦૨૦–૨૧ તથા ૨૦૨૧–૨૨ દરમ્યાન કોવિડ–૧૯ના સમયગાળામાં સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ મર્યાદિત મુલાકાતીઓને નેચરપાર્ક ખાતે પ્રવેશ આપવામાં આવેલ.